## જન્મદિને વધામણી


હિનાબેન ગગલાણી
એડવોકેટ અને નોટરી
મો. ૯૮૨૪૩ ૯૯૧૨૧


ક્રિષ્ણાબા રાઠોડ
મો. ૯૭૧૨૫ ૭૨૨૯૦


ચિન્મયી જયેશ દવે


આયુષ તુષારકુમાર શ્રીમાળી

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મ-દિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.

- સંપાદક



સંસ્કૃતિ સંસ્થા દ્વારા શનિવારે ગાંધીનગર ટાઉનહૉલમાં હિન્દી ફિલ્મોનાં સમૂહ ગીતોનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. 'મૌસમ બીતા જાય' નામક આ કાર્યક્રમમાં રાજેશ વૈષ્ણવ, હિરેન વૈષ્ણવ, હારિત ધોળકિયા, અનિરૂદ્ધ કાપડી, સુરભી પરમાર, ભૂમિ મહેતા, સંગતી મહેતા અને માધુરી વૈષ્ણવે સ્વર આપ્યો હતો. રસદર્શન ખ્યાતિ મહેતાએ કરાવ્યું હતું તથા વાદ્ય સંગત દેવેન્દ્ર મહેતા, કર્મવીર મહેતા, ટોની, ડૉ. નીરવ પંડ્યા, મિલન મહેતા, હિમાંશુ ભટ્ટ અને અજીત પરમાર દ્વારા પૂરી પાડવામાં આવી હતી.

# 'નીટ'નું પરિણામ હવે જાહેર થઈ શકશે મદ્રાસ હાઈકોર્ટનો સ્ટે સુપ્રીમે ફગાવ્યો

ગાંધીનગર, તા. ૧૩

સુપ્રીમ કોર્ટે 'નીટ'નું પરિણામ જાહેર કરવા માટેનો માર્ગ મોકળો કરી દીધો છે. પરિણામ જાહેર કરવા પર હાઈકોર્ટે બ્રેક મારી હતી, જેના પર સુપ્રીમ કોર્ટે સોમવારે સ્ટે મૂકી દીધો હતો. આ નિર્ણયથી દેશભરની મેડિકલ અને ડેન્ટલ કોલેજોમાં ૧૨ લાખ વિદ્યાર્થીઓને પ્રવેશની પ્રક્રિયા આગળ ધપી શકશે. કોર્ટે આ સાથે જ તમામ હાઈકોર્ટોને 'નીટ' ૨૦૧૭ સંબંધિત કોઈ જ અરજી પર સુનાવણી ન કરવાનો પણ આદેશ કર્યો છે. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે મદ્રાસ હાઈકોર્ટનો આદેશ પરોક્ષ રીતે સુપ્રીમ કોર્ટ દ્વારા જ નક્કી કરાયેલા 'નીટ'-૨૦૧૭ના કાર્યક્રમને બદલી નાખનારો હતો, જેના પર સ્ટે મૂકવો જરૂરી હતો. જસ્ટિસ પી.સી. પંત અને દીપક ગુપ્તાની વેકેશન બેન્ચે સંબંધિત અધિકારીઓને 'નીટ'(નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ)ની પ્રક્રિયા પૂરી કરવા કહ્યું છે અને ત્યારબાદ જરૂરી કાઉન્સેલિંગ અને પ્રવેશ પ્રક્રિયા પણ સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ જ પૂરી કરવા આદેશ કર્યો છે. જોકે બેન્ચે સ્પષ્ટ કર્યું કે જાહેર થનારા પરિણામ સુપ્રીમ કોર્ટ સમક્ષ આ મામલે જે પેન્ડિંગ સુનાવણી છે તેને આધિન રહેશે.

મદ્રાસ હાઈકોર્ટે ગત ૨૪ મેએ તેના આદેશમાં નીટના પરિણામ જાહેર કરવા પર વચગાળાનો સ્ટે મૂકી દીધો હતો. અરજદારોએ ફરિયાદ કરી હતી કે નીટની પરીક્ષામાં એકસમાન પ્રશ્નપત્ર અપાયા ન હતા અને ઈંગ્લીશ તથા તમિલના પેપરમાં ખાસ્સો ફર્ક હતો. આથી પરિણામ જાહેર ન થવા જોઈએ.

# ડિગ્રી ઍન્જિનીયરિંગ પ્રવેશ માટે ૪૨ હજાર છાત્રોનું રજિસ્ટ્રેશન

ગાંધીનગર, તા. ૧૩

ડિગ્રી એન્જિનિયરિંગમાં પ્રવેશ માટે છેલ્લા કેટલાય દિવસથી ચાલતી પીન વિતરણ અને ઓનલાઇન રજિસ્ટ્રેશનની પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવી છે. પરિણામ સામાન્ય ઊંચું હોવા છતાં ગતવર્ષની સરખામણીમાં પીન વિતરણ અને ઓનલાઇન રજિસ્ટ્રેશનની સંખ્યામાં ભારે ઘટાડો જોવા મળ્યો છે. ગત વર્ષ કરતાં અંદાજે ચાર હજાર જેટલી ઓછી પીન વિતરણ થઈ છે. ઓનલાઇન રજિસ્ટ્રેશનમાં પણ ગતવર્ષ કરતાં ભારે ઘટાડો થતાં પ્રવેશ પ્રક્રિયા શરૂ થાય તે પહેલા જ ૨૫૯૭૪ એટલે કે ૨૬ હજાર જેટલી બેઠકો ખાલી પડે તેવી સ્થિતિ ઊભી થઈ છે.

ડિગ્રી એન્જિનિયરિંગમાં પ્રવેશ માટે તા.૧૨મીથી પીન વિતરણ શરૂ કરવામાં આવ્યુ હતુ. પ્રવેશ લેવા ઈચ્છતાં વિદ્યાર્થીઓને તા.૧૨મી જૂન સુધી રજિસ્ટ્રેશન કરવાની સૂચના આપવામાં આવી હતી. સોમવારે છેલ્લા દિવસે રજિસ્ટ્રેશનની પ્રક્રિયા પૂર્ણ થઈ ચુકી છે. અત્યાર સુધીમાં ૪૨૩૦૯ જેટલા વિદ્યાર્થીઓએ પોતાનું રજિસ્ટ્રેશન કરાવી લીધું છે. પ્રવેશ સમિતિ પાસે હાલમાં ૬૮૨૮૩ જેટલી બેઠકો ઉપલબ્ધ છે. આમ, બેઠકોના પ્રમાણમાં ઓછું રજિસ્ટ્રેશન થતાં ચોઈસ ફીલીંગ થાય તે પહેલા જ ૨૫ હજારથી વધુ બેઠકો ખાલી પડશે તે પ્રસ્થાપિત થઈ ચુકયુ છે. જેટલા વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યુ છે તે પૈકી તમામ પ્રવેશ લેતા નથી. એટલે કે અંદાજે ૪૩ હજાર વિદ્યાર્થીઓનું રજિસ્ટ્રેશન ગણવામાં આવે તો પણ તેમાંથી બે કે ત્રણ હજાર વિદ્યાર્થીઓ પ્રવેશ લેતા નથી. જેના કારણે ખાલી બેઠકોનો આંકડો ૨૭ હજાર બેઠકો ખાલી પડે તેમ છે. ડિગ્રી એન્જિનિયરિંગમાં ચાલુ વર્ષે એક હજાર જેટલી બેઠકોનો વધારો થયો છે. બીજીબાજુ અનેક કોલેજોની બેઠકો ખાલી પડી રહી છે. જેના કારણે કેટલીક કોલેજોએ નિશ્ચિત બ્રાન્ચો બંધ કરવા માટે અરજીઓ પણ કરી છે.

# સ્મિત મ્યુઝિક દ્વારા યોજાઈ એક શામ અમિતાભ કે નામ





ગાંધીનગર, તા. ૧૩

શહેરની જાણીતી મ્યુઝિકલ સંસ્થા સ્મિત મ્યુઝિક દ્વારા રોનક મોડ્યુલર ફર્નીચર, કુડાસણના સહયોગથી સુંદર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આંબેડકર હૉલ, સૅક્ટર-૧૨ ખાતે યોજાયેલા 'એક શામ અમિતાભ કે નામ' કાર્યક્રમ હેઠળ સદીના મહાનાયક અમિતાભ બચ્ચનની સુપરહિટ ફિલ્મોનાં ગીતો રજૂ કરવામાં આવ્યાં હતાં. કાર્યક્રમનો આરંભ રાષ્ટ્રગાન સાથે કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં રાજકોટથી ઉપસ્થિત રહેલા ફિરોઝભાઈ ધંધુકિયાએ અમિતાભ બચ્ચનના ગૅટ-અપમાં આકર્ષણ જમાવ્યું હતું.

ભરત ગજ્જર, જ્યોતિ ગજ્જર, મનીષ શાહ, સેજલ વાળા, પ્રદિપ દવે, જીજ્ઞા રાવલ, સાગર દેસાઈ, શ્રવણ પરમાર, હેમાંગ દવે, જયમાલિનીબેન, સની પ્રજાપતિ, નિયાઝ મનસૂરી દ્વારા પોતાના સ્વરથી પ્રેક્ષકોને ડોલાવ્યા હતા. નવોદિત ગિટારીસ્ટ મીલુ શાહે પણ સુંદર પ્રસ્તુતિ કરી હતી.

કલાકારોને પ્રોત્સાહિત કરવા કાર્યક્રમમાં રમજુભી જાડેજા, સુરેશ ગામીત, રાધાબેન, સુશીલાબા, મયુર પટેલ, સંજય થોરાત, સંજય તન્ના ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું રસવાહી સંચાલન બિજય તિવારી દ્વારા કરવામાં આવ્યું હતું.



અમદાવાદ મ્યુનીસીપલ કોર્પોરેશન અને માતૃભાષા અભિયાન નાં સયુંકત ઉપક્રમે ડિવાઈન લાઈફ સ્કૂલ પાસે, અમદાવાદ મ્યુનીસીપલ કોર્પોરેશનની ઓફીસના પહેલા માળે , વાસણા ખાતે ગ્રંથ મંદિરને વિધિવત રીતે જનતા માટે ખુલ્લું મૂકવામાં આવ્યું છે. પૂર્વ મેયર અમિતભાઈ શાહ, એમ.જે. પુસ્તાકાલય નાં ગ્રંથપાલ બીપીનભાઈ મોદી, માતૃભાષા અભિયાનના ટ્રસ્ટી રાજેન્દ્રભાઈ પટેલે દીપ પ્રગટ્ય કરી આ ગ્રંથ મંદિર જાહેર જનતા માટે ખુલ્લું મૂક્યું હતું. આ પ્રસંગે ભાજપનો કોર્પોરેટર વર્ગ અને માતૃભાષા અભિયાનના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. હાલ ગ્રંથ મંદિરનો સમય સોમવાર તથા ગુરુવારે સવારે ૮ થી ૧૦ દરમ્યાન રહેશે. દરેક પુસ્તક પ્રેમી અને વાચક મિત્રોને આ વંચનાલયનો લાભ લઈ શકે છે. આ ગ્રંથમંદિરમાં રહેલા પુસ્તકોમાં શિષ્ટ અને ઉત્તમ પ્રકારનું સાહિત્ય પીરસવામાં આવે છે. વાચકે જે પુસ્તક ગ્રંથમંદિરમાંથી વાંચવા માટે લીધું હોય તે ૨૧ દિવસે પરત કરવાનું હોય છે. આ સાથે વાચકે પોતાનો રહેઠાણનો પુરાવો આપવાનો હોય છે અને તેમનું એક આઈ કાર્ડ બને છે જેમાં તેમનો સભ્યપદ ક્રમાંક હોય છે. ઉત્તમ વાંચન સામગ્રી લોકોને ઘરઆંગણે ઉપલબ્ધ થાય તે આ પ્રવૃત્તિનો આશય છે. આ પ્રકારનાં કુલ ૨૪ ગ્રંથમંદિર હાલ ગુજરાતભરમાં કાર્યરત છે.

## ડાયરેક્ટ ❤ સે

આકરી ગરમીથી
તપતાં લોકો
માત્ર બે ટકા છે
બાકીના ૯૮ ટકા
એકબીજાથી તપે છે

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
રાબતા
૧૨.૪૫, ૩.૪૫
૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
ધ મમી (૩ડી, હિન્દી)
૧૨.૩૦, ૫.૩૦, ૧૦.૩૦
ધ મમી (૩ડી, અંગ્રેજી)
૩.૦૦, ૮.૦૦

**સ્ક્રીન-૪**
બાહુબલિ-૨ : ૩.૪૫
હિન્દી મીડિયમ
૭.૦૦
કરસનદાસ પે ઍન્ડ યુઝ
(ગુજરાતી)
૧૨.૪૫, ૯.૩૦

**સ્ક્રીન-૫**
રાબતા : સવારે ૧૦.૦૦
બહેન હોગી તેરી
૧.૦૦, ૪.૦૦
૭.૧૫, ૧૦.૧૫

## સ્કૂલના ગેટની બહાર બે વાલીઓ બાખડ્યા

ગાંધીનગર, તા. ૧૩

'તમારા બાળકને સમજાવી દેજો, એ મારા બાળકને ને અન્ય બાળકોને બહુ હેરાન કરે છે' એવી ફરિયાદ એક મહિલાએ સ્કૂલ છૂટવાના સમયે કરી હતી, જેના કારણે સામેવાળા વાલી છેડાયા હતા અને તેમણે પોતાના બાળકનો બચાવ કરવા સાથે સામે મહિલાના બાળક પર આક્ષેપ કરવાનું ચાલુ કરી દીધું હતું.

શાળા છૂટી રહી હતી અને બાળકો બહાર આવી રહ્યા હતા એટલે વાલીઓની ભીડ ગેટ ઉપર ખાસ્સી હતી, એવા સમયે એક મહિલા અને પુરુષને ચડસાચડસી કરતાં જોઈને અન્ય વાલીઓ માટે તમાશો ઊભો થયો હતો. અલબત્ત તેની પરવા કર્યા વિના બંને વાલીઓએ પોતાનાં બાળકો આવ્યાં ત્યાં સુધી ચડસાચડસી ચાલુ રાખી હતી

# એક ખતરનાક રમત : સુખને મુલતવી રાખવાની

(ગતાંકથી ચાલુ)

આપણે ઘણીવાર સુખ કે ખુશીને આપણી શરતોમાં બાંધી દઈએ છીએ. "જો" આમ થાય "તો" જ મને ખુશી મળે. ભવિષ્યમાં કઈક જાદુ થાય અને સુખનો ચિરાગ બહાર નીકળે એવી આપણે રાહ જોઈને બેસી રહીએ છીએ. કઈક જાદુ થશે અને સુખ મળશે એવા વહેમમાં અને વહેમમાં જ આખી જિંદગી ખોઈ બેસીએ છીએ. જીવનમાં નથી ક્યારેય કોઈ જાદુ થતો અને નથી આપણે ક્યારેય સુખને પામી શકતા. "જો" અને "તો" ની સંતાકૂકડીની રમતમાં સુખને ક્યારેય શોધી શકતા નથી.

મને કે મારા બાળકોને ઈચ્છિત નોકરી મળે, કુટુંબનો વ્યવસાય વ્યવસ્થિત થઈ જાય, બાળકો પરણી જાય, સારી વ્યક્તિ જીવનસાથી તરીક મળી જાય, નિવૃત થઈ જઈએ, એક સરસ મકાન બની જાય, જીવનમાં કોઈ મોટી ઘટના બને, કોઈ જાજરમાન પ્રસંગ બને, કોઈ મોટી સિધ્ધી મળે તો અને તો જ ખુશી મળે એવી પોતાની જાત સાથે શરતો મુક્તા રહીએ છીએ. એક શરત પૂરી થઈ એટ્લે બીજી, બીજી પૂરી થઈ એટ્લે ત્રીજી અને આમ શરત ઉપર શરત અને એ શરતોનો ક્યારેય અંત નથી આવતો. સુખ સામે મૂકેલી શરતોનો અંત ના આવે એટ્લે સુખ પણ ના પામી. સુખ તો બિનશરતી હોય. આપણે ઘણીવાર આવતીકાલના સુખની રાહમાં ને રાહમાં આજના સુખને, આજની ખુશીને, આજની પ્રસન્નતાને ખોઈ બેસીએ છીએ. બીજી તરફ આવતીકાલના જે સુખની આપણે રાહ જોઈએ છીએ એ સુખની કોઈ ખાતરી જ નથી. જે સુખની કોઈ જ સચોટ ખાતરી નથી એ સુખની સતત રાહ જોવી અને જે સુખ સો ટચનું થઈને આપણી સામે આવીને ઊભું હોય તેની અવગણના કરવી એ આપણી જાત સાથેનો તો અન્યાય છે જ સાથેસાથે આપણી સમક્ષ પ્રત્યક્ષ થયેલી ખુશીને પણ આપણે અન્યાય કરી બેસીએ છીએ.



ઘણીવાર આપણને આપણો ભૂતકાળ હંમેશા ખાલી ખાલી જ લાગતો હોય છે. ભૂતકાલમાં દષ્ટીપાત કરતાં ઘણીવાર એવું લાગે છે કે આપણે જીવનમાં ક્યારેય

**આવો જીવીએ શાનદાર**
**વિનોદ અમલાણી**
vamlani@yahoo.co.uk

ખુશીને મણિ જ નથી, આપણે ક્યારેય સુખને જોયું જ નથી. આ પ્રકારની લાગણી થાય છે એનું કારણ એ હોય શકે કે

આપણે ખુશીઓના ઢગ માત્ર ભવિષ્યમાં માણવા માટે જ ઊભા કરી દીધા હોય છે અને આપણી આજને યાદગાર બનાવવા, વર્તમાન ક્ષણ આપણી ખુશીની શ્રેષ્ઠ ક્ષણ બને એ માટે કઈ જ કર્યું નથી હોતું. અને ભવિષ્યમાં માણવા માટેના ખુશી ના ઢગ માત્ર આકાશી તીતીઘોડા સાબિત થાય છે. સુખને મુલતવી રાખવાની જાળ આપણે પોતે જ બિછાવી છીએ અને આપણે જ એમાં ફસાઈ જઈએ છીએ. એ જાળમાં એકવાર ફસાયા પછી એમાથી છૂટવું કે છટકવું ખૂબ જ મુશ્કેલ બની જાય છે. ખુશી એ આવતીકાલને ઊજળી કરવા માટે નહીં પણ આજને સંવારવા માટે હોય છે.

જે વ્યક્તિ આજના સુખને માણી શકતી નથી એ વ્યક્તિ આવતીકાલના સુખને ક્યારેય પણ પામી શકતી નથી. જે સુખને પામી ના શકીએ તેને માણી કેવી રીતે શકીએ?

બાળક હંમેશા ખુશ જ રહેતું હોય છે કારણકે તે દરેક વર્તમાન ક્ષણને મણિ શકે છે. બાળક ક્યારેય ભવિષ્યના સુખની અપેક્ષા નથી રાખતું. બાળક જેમ જેમ મોટું થતું જાય છે અને સમજણ વધતી જાય છે એમ તે પોતાના ભાઈવિષ્યના સુખ વિષે વિચારવા લાગે છે અને ધીમે ધીમે સુખને મુલતવી રખવાનું પણ શીખી જાય છે.

વહેલી સવારનું ખુશનુમા વાતાવરણ, ઢળતી સાંજનું આહ્લાદક સૌંદર્ય, મધ્યરાત્રીની ઝળહળતી રોશની અને તારાઓથી ટમટમતું આકાશ, સવારની લિજ્જતદાર ચાની ચૂસકીઓ અને કુટુંબ સાથે બેસીને કરાતું સ્વાદિષ્ટ ભોજન, બાળકોનું સ્મીત અને વૃધ્ધોની લાગણીથી નીતરતી આંખો, યુવાનોની નિર્દોષ મસ્તી, ઘરની અંદર અને ઘરની બહાર, રસ્તાઓ ઉપર, ટ્રેનની મુસાફરી કે બજાર, ઓફિસ કે વ્યવસાયના સ્થળે, કુટુંબીજન કે સહકર્મચારીનો જન્મદિવસ કે તેઓની નાની નાની સિધ્ધિઓ, ઘેર અતિથિનું આગમન કે આપણું પોતાનું કોઈના ઘેર અતિથિ બનવું, કોઈ સ્નેહીને ત્યાં શુભ પ્રસંગ, મિત્રો સાથે, સ્નેહીઓ કે સંબંધીઓ સાથે, કુટુંબીજનો સાથે હરવું, ફરવું, ને મજાકમસતી, ગમતી વ્યક્તિઓ સાથે રાતોની રાતો ગપ્પાં મારવા, આ બધુ ને આવું બધુ જ વ્યક્તિની ખુશી માટેના કારણો બની શકે. આમ તો ખુશ થવા માટે વ્યક્તિને કોઈ જ પ્રકારના કારણની જરૂર હોતી જ નથી. ખુશી તો વ્યક્તિના મનમાંથી મલકતી હોય છે અને આંખોમાથી છલકતી હોય છે.

સુખનું આકાશી આવકનાં સાધન જેવું નથી કે ક્યારેક મળે અને ક્યારેક ના મળે. સુખને તો આવકના કાયમી સ્તોત્ર જેવુ જ બનાવવું પડે. સુખને માણવાની એક આદત, એક ટેવ પાડવી પડે તો જ સુખનું સાતત્ય જળવાઈ રહે અને તો જ વ્યક્તિની આંખોમાં ખુશી અવિરત ટકી રહે.

ચાલો, આપણે જો સુખને મુલતવી રાખવાની રમત રમતા હોઈએ તો એ રમત બંધ કરીએ અને સુખને માણવાની એક ટેવ પાડીએ.

# નવી મેડિકલ પ્રવેશ સમિતિની રચના : ૧૧ સભ્યોની નિમણૂક

ગાંધીનગર, તા. ૧૩

મેડિકલ-પેરા મેડિકલમાં પ્રવેશ માટે આખરે પ્રવેશ સમિતિની રચના કરવાની જાહેરાત કરી દેવામાં આવી છે. પ્રવેશ પ્રક્રિયા ગાંધીનગર હેડ કવાર્ટસથી જ થશે અને આરોગ્ય વિભાગના કમિશ્નર પ્રવેશ સમિતિના ચેરમેન તરીકે રહેશે. સામાન્ય રીતે અત્યાર સુધી બી.જે.મેડિકલ કોલેજના ડીન ને મેમ્બર સેક્રેટરી તરીકે નિયુક્ત કરવામાં આવતાં હતા. પરંતુ આ વખતે નાયબ નિયામક તબીબી શિક્ષણને મેમ્બર સેક્રેટરી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

છેલ્લા કેટલાય વર્ષોથી મેડિકલ-પેરા મેડિકલની પ્રવેશ પ્રક્રિયા બી.જે.મેડિકલ કોલેજમાંથી થતી હતી. પરંતુ ગતવર્ષે પ્રવેશ પ્રક્રિયામાં થયેલા વિવાદ અને મેમ્બર સેક્રેટરીની વિવાદસ્પદ ભૂમિકાના કારણે ચાલુ વર્ષે સૌથી પહેલા પી.જી.મેડિકલની પ્રવેશ પ્રક્રિયા સરકારે પોતાના હસ્તક લીધી હતી. હવે યુ.જી. મેડિકલ -પેરા મેડિકલની પ્રવેશ પ્રક્રિયા પણ સરકારે પોતાના હસ્તક લઈને બી.જે.મેડિકલ કોલેજના તમામ સભ્યોને બાદબાકી કરી દીધી છે. ચાલુ વર્ષે પ્રવેશ સમિતિની જાહેરાત કરી દેવામાં આવી છે. જેમાં કુલ ૧૧ સભ્યોની નિમણૂક કરવામાં આવી છે. સરકારી ડેન્ટલ કોલેજના ડીનને સભ્ય તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે પરંતુ બી.જે.મેડિકલના એકપણ ડોકટરને સભ્ય તરીકે પણ નિમણૂક આપવામાં આવી નથી.

## વાચકોને આમંત્રણ

**'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા**

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવશે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું રહેશે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવશે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને એડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

આ વખતનો વિષય છે :

**'મારું પ્રિય પુસ્તક'**